અઢી ઈંચ વરસાદમાં આણંદ પાણી પાણી

આણંદ શહેરમાં બપોરે બે કલાક દરમિયાન વરસેલા વરસાદથી અનેક વિસ્તારમાં કેડસમા પાણી ભરાયા

● આણંદ

આણંદ શહેરમાં આજરોજ બપોરના સમયે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી. શહેરમાં સતત બે કલાક સુધી વરસાદ વરસ્યો હતો. દરમિયાન શહેરના મુખ્ય માર્ગો ઉપરાંત નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયાં હતાં. જેને પગલે વાહનચાલકો તેમજ રાહદારીઓને હાલાકી વેઠવી પડી હતી. આણંદ શહેરમાં આજરોજ બપોરના સમયે એકાએક વાતાવરણ પલટાયું હતું. કાળા ડિબાંગ વાદળોથી ભરબપોરે અંધારપટ છવાયો હતો અને સાથે સાથે તેજગતિએ પવન પણ ફુંકાવા લાગ્યો હતો. જે બાદ ગાજવીજ સાથે વરસાદ વરસવાનો શરૂ થયો હતો. જે સતત બે કલાક સુધી ચાલ્યો હતો. આ બે કલાકમાં અઢી ઈંચ જેટલો વરસાદ ખાબકી ગયો હતો. જેથી શહેરના નીચાણવાળા વિસ્તારોમાં ઠેર-ઠેર પાણી ભરાઈ ગયાં હતાં. જેથી રાહદારીઓ તેમજ વાહનચાલકોને અવરજવર કરવામાં ભારે હાલાકી વેઠવી પડી હતી. ધોધમાર વરસાદ વરસવાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. જેથી પ્રજાને બફારા અને ઉકળાટથી રાહત મળી હતી. તો વળી વાવણી યોગ્ય વરસાદથી ધરતીપુત્રોમાં પણ આનંદ છવાયો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જન્મદિવસ સાદગીથી ઉજવ્યો

અડાલજ ત્રિમંદિર ખાતે દાદા ભગવાન મંદિરમાં દર્શન-અર્ચન કરીને દિવસના કાર્યોનો પ્રારંભ કર્યો

● અમદાવાદ, તા.૧૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ૬૨ વર્ષ પૂરા કરીને ૬૩માં વર્ષમાં પ્રવેશ કર્યો હતો. મુખ્યમંત્રીએ પોતાનો આ જન્મ દિવસ તેમના સ્વાભાવની જેમ સાવ સાદગીથી ઉજવ્યો હતો. મુખ્યમંત્રીએ આજે પોતાના જન્મદિવસ અવસરે વહેલી સવારે અડાલજ ત્રિમંદિર ખાતે દાદા ભગવાન મંદિરમાં દર્શન-અર્ચન કરીને દિવસના કાર્યોનો પ્રારંભ કર્યો હતો.મુખ્યમંત્રીએ ત્રિમંદિર પરિસરમાં પૂજ્ય દાદા ભગવાન, પૂજ્ય નીરૂમાંની સમાધિ પર શિશ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા હતા અને દેવી-દેવતાઓના દર્શન તેમજ શિવ મંદિરમાં જલાભિષેક કર્યો હતો.મુખ્યમંત્રીએ જન્મદિવસ અવસરે રાજ્યના સૌના સ્વાસ્થ્ય, સુખાકારી, સમૃદ્ધિ અને સમગ્ર રાજ્યના સમગ્રતયા અવિરત

વિકાસ માટે પ્રાર્થના કરી હતી. મુખ્યમંત્રીએ મંદિર પરિસરમાં દર્શનાર્થીઓનું ઉષ્માપૂર્ણ અભિવાદન પણ ઝીલ્યું હતું.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના જન્મદિવસ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ તથા કેન્દ્રીય મંત્રીઓ અને વિવિધ રાજ્યના મુખ્યમંત્રીઓ સહિત અનેક મહાનુભાવોની શુભકામનાઓનો અવિરત પ્રવાહ વહ્યો હતો.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સવારે સૌ પ્રથમ મુખ્યમંત્રીને શુભેચ્છાઓ પાઠવી હતી. ભૂપેન્દ્ર પટેલનાં નેતૃત્વમાં ગુજરાતમાં યુવા સશક્તિકરણ અને સર્વગ્રાહી વિકાસની ગતિને જે વેગ મળી રહ્યો છે તેની વડાપ્રધાને પ્રશંસા કરી હતી.ગુજરાતના લોકોની સેવામાં ભૂપેન્દ્ર પટેલના સ્વાસ્થ્યપ્રદ અને દીર્ઘાયુ જીવન માટે પણ વડાપ્રધાને શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી અમિત શાહે પણ મુખ્યમંત્રીના જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવતા ગુજરાતની વિકાસયાત્રાને આગળ ધપાવવામાં મુખ્યમંત્રીના યોગદાનને બિરદાવ્યું હતું. કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડાં. મનસુખ માંડવીયાએ પણ મુખ્યમંત્રીશ્રીને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી છે.

વિદ્યાર્થીનીઓને આપવામાં આવનારી સાઇકલો ધૂળ ખાઈ રહી છે

● ખેડા, તા.૧૫

સરકાર ઉજવણીના તાયફા કરે છે, પરંતુ આ ઉજવણી શેના માટે કરવામાં આવી હતી તે ભૂલી જાય છે. ખેડા જિલ્લામાં પાંચ હજારથી વધારે સરકારી સાઇકલો ધૂળ ખાઈ રહી છે. આ સાઇકલો વિઠ્ઠલપુરાના ફાર્મમાં પડી રહી છે.

આ સાઇકલો શાળાકીય પ્રવેશોત્સવ વખતે આપવામાં વનારી હતી. હવે તે આપવામાં આવી નથી. તેથી હવે આ સાઇકલો વિદ્યાર્થીનીઓને ક્યારે આપવામાં આવશે તે સવાલ છે. મહેમદાવાદ અને ખેડામાં આ સાઇકલો આપવાની હતી અને તેમને હજી સુધી આ સાઇકલ અપાઈ કેમ નથી તે મોટો સવાલ છે.

ગુજરાત સરકાર દ્વારા શાળા પ્રવેશોત્સવ દરમિયાન કન્યાઓને સાયકલ આપવામાં આવે છે. પરંતુ જો ઘણી એવી શાળાઓ છે કે જ્યા સરકારી યોજનાઓ ધૂળ ખાઈ રહીં છે. ખેડા જિલ્લામાં અલગ અલગ જગ્યાઓ પર ૮૧૨ સાયકલો સડી રહીં છે. આખરે કેમ આ સાયકલો વિદ્યાર્થીનીઓને આપવામાં ના આવી? ખેડા જિલ્લામાં અત્યારે ૮૧૨ સાયકલો કાટ ખાઈ રહી છે. આ બેદરકારી માટે કોને જવાબદાર ગણવા? આખરે કેમ સરકારી પૈસાનું પાણી કરવામાં આવી રહ્યું છે.અગાઉ પણ પ્રવેશોત્સવમાં ૧૨૫૨ સાયકલો ફાળવવામાં આવી હતી. જો કે, મળતી માહિતી પ્રમાણે તેમાંથી તત્કાલીન સમયે ૪૨૬ સાયકલો લાભાર્થી વિદ્યાર્થીનીઓને આપવામાં આવી હતી. પરંતુ ૮૧૨ સાયકલોનું વિતરણ આખરે કેમ ના કરવામાં આવ્યું? એવી તો શું તકલીફો હતી કે, ૮૧૨ વિદ્યાર્થીઓને સાયકલોથી વંચિત રાખવામાં આવ્યા? ઉલ્લેખનીય છે કે. છેલ્લા ૮ વર્ષથી ૮૧૨ સાયકલો અહીં ધૂળ ખાઈ રહી છે.

મહુધાના કુમાર કન્યા પ્રાથમિક શાળામાં ૧૫૦ સાયકલો પડી રહી છે, તો નડીઆદના ઉત્તરસંડામાં ૪૨૬ સાયકલો પડી રહી છે. આ સાથે કપડવંજની વાત કરવામાં આવે તો ત્યાં ૩૯ સાયકલો કાટ ખાઈ રહી છે, જ્યારે ખેડામાં ૧૧ સાયકલો ધૂળ ખાઈ રહી છે. એટલું જ નહીં પરંતુ ઠાસરાના વણોતીમાં ૧૮૬ સાયકલો ભંગાર હાલતમાં જોવા મળી રહી છે. હવે અહીં પ્રશ્ન એ થાય છે કે, આખરે આવી બેદરકારી કેમ થઈ? અને બેદરકારી થઈ તો તેના માટે હવે જવાબદાર કોણ છે?

સરકાર દ્વારા વિદ્યાર્થીઓ માટે સાયકલો ફાળવવામાં આવી તેને વિદ્યાર્થીઓ સુધી કેમ પહોંચાડવામાં ના આવી? આને ભ્રષ્ટાચાર ગણવો કે બેદકારી? ૮૧૨ જેટલી સાયકલો ધૂળ ખાઈ રહીં છે તેનો મતલબ કે ૮૧૨ જેટલ વિદ્યાર્થીઓને વંચિત રાખવામાં આવ્યા છે.

યુક્રેનના બોમ્બમારામાં બચનારને સુરતના યુવકને ડમ્પરે કચડ્યો

● સુરત, તા.૧૫

મોત ક્યારે કોને આંબી જાય તેનું કશું કહી ન શકાય. યુક્રેનમાં ચાલતા રશિયાના બોમ્બમારા વચ્ચે બચી ગયેલો વિદ્યાર્થી ત્યાં એમબીબીએસ પૂરું કરીને સુરત પરત ફર્યો હતો, પણ સુરતના બેફામ ચાલતા ડમ્પરે તેને કચડી નાખ્યો હતો.સુરતમાં વેડ રોડ અંબાજી ચોક વિસ્તારમાં યુક્રેનથી એમબીબીએસ પૂર્ણ કરી આવેલા વિદ્યાર્થીને ડમ્પરચાલકે અડફેટે લઈ કચડી નાખતા તેનું ઘટનાસ્થળે મોત થયું હતું. આ સમગ્ર ઘટનાના સીસીટીવી સામે આવ્યા છે. બીજી તરફ પોલીસે ટ્રકચાલકની અટકાયત કરી ગુનો નોંધ્યો છે. જ્યારે વિદ્યાર્થીના ભાઈએ જણાવ્યું હતું કે અમારા પર આભ ફાટ્યું છે.મળતી માહિતી મુજબ, મૂળ જૂનાગઢના વતની અને હાલ કતારગામ વિસ્તારમાં આવેલી સંત જલારામ સોસાયટીમાં જશુભાઈ નારીગ્રા પરિવાર સાથે રહે છે અને હાલ નિવૃત્ત જીવન વિતાવે છે. જશુભાઈને સંતાનમાં બે પુત્ર છે.

દાનહમાં વધુ ૪ ઇંચ સાથે સિઝનનો કુલ વરસાદ ૩૨.૭૬ ઇંચ પહોંચ્યો

● સેલવાસ

દાનહમાં છેલ્લા ચોવીસ કલાકમાં ચાર ઇંચથી વધુ વરસાદ પડયો છે. વરસાદને કારણે સાકરતોડ નદી અને દમણગંગા નદી બન્ને કાંઠે વહેતી જોવા મળી હતી. સેલવાસના ડોકમરડી અને બાલદેવીના કેટલાક નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાતા હાલાકી ભોગવવી પડી હતી. પાલિકાની ટીમ જ્યા જ્યા પાણી ભરાયા હતા એ જગ્યા પર પહોંચી પાણીના નિકાલની વ્યવસ્થા કરી હતી. ઉપરવાસમાં ભારે વરસાદને કારણે મધુબન ડેમમા પાણીની આવક વધતા ડેમ ભરાઈ ગયો હતો. સેલવાસમા ૧૧૯.૮ એમએમ ૪.૭૨ ઇંચ વરસાદ પડયો છે. ખાનવેલમા ૮૧.૪ એમએમ ૩.૨૦ ઇંચ વરસાદ પડયો છે.

પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન

લુબ્રિકેશન કાર્ય

ઇ-ટેન્ડર નોટિસ નં : DRM-BRC 068 OF 2024-25 ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004, નીચેના કામો માટે સીલબંધ ટેન્ડરો મંગાવવામાં આવ્યા ટેન્ડર નંબર : DRM BRC 068 OF 2024-25 કામનું નામ : વડોદરા ડિવિઝનમાં કોન્ટ્રાક્ટરના પોતાના ગેજ ફ્રેસ લ્યુબ્રિકેટર દ્વારા કર્વસનું લુબ્રિકેશન પાંચ વર્ષના સમયગાળા માટે જાળવણી સહિત કામની અંદાજિત કિંમત (રૂ.માં) : ₹16,88,40,504.00 જમા કરાવવાની બિડ સિક્યોરિટી(રુ.માં) : ₹9,94,200.00 ટેન્ડર જમા કરવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય : ટેન્ડર 01.08.2024 ના રોજ 15.00 કલાક પહેલાં ટેન્ડર જમા કરવાનું રહેશે અને તે જ તારીખે 15.30 વાગ્યે ખોલવામાં આવશે. વેબસાઈટની વિગતો અને સૂચનાનું સ્થળ જ્યાંથી સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફિસનું સરનામું જ્યાંથી ટેન્ડર ફોર્મ ખરીદી શકાશે : ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા - 4 વેબસાઈટ : www.ireps.gov.in

શુદ્ધિપત્ર

ટેન્ડર નોટિસ નંબર DRM BRC 068 ઓફ 2024-25 તારીખ 09.07.2024 ના ટેન્ડર નંબર DRM BRC 068 ઓફ 2024-25 ના ટેન્ડર ડોક્યુમેન્ટમાં સુધારો. ઇ- ટેન્ડર નંબર DRM BRC 068 ઓફ 2024-25IREPS પોર્ટલમાં, જોઈન્ટ વેન્ચર (JV) કંપનીઓને બિડ કરવાની મંજૂરી છે તેનો ઉલ્લેખ NIT હેડરમાં "હા" ને બદલે "ના" તરીકે કરવામાં આવ્યો છે.અન્ય નિયમો અને શરતો યથાવત રહેશે. 121-121A

આમને લાઈક કરો: facebook.com/WesternRly

ટીપરવાનની ડ્રાઈવિંગ સીટ પર સગીર રાજકોટ મનપાની બેદરકારી, કચરો ઉધરાવતી વાન બાળક ચલાવતો હોવાનો વીડિયો સામે આવ્યો

● રાજકોટ

રાજકોટ મનપા તંત્રની વધુ એક ઘોર બેદરકારી સામે આવી છે. જેમાં કચરો ઉઘરાવતી ટીપરવાન એક નાનો બાળક ચલાવતો હોવાનું સામે આવ્યું છે. આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે. જેમાં શહેરના તિરૂપતિનગરમાં આવેલી ટીપરવાનના ચાલક તરીકે બાળક જોવા મળતા સ્થાનિક વ્યક્તિએ વીડિયો બનાવીને સોશિયલ મીડિયામાં વાયરલ કરતા મનપાની ઘોર બેદરકારી સામે આવી હતી. જોકે આ ખૂબ ગંભીર બાબત હોવાનું જણાવી મ્યુ કમિશનરે તાત્કાલિક પગલાં લેવાની ખાતરી આપી છે.મળતી માહિતી અનુસાર રૈયારોડના તિરૂપતિનગરમાં કચરો લેવા માટે આવેલી ટીપરવાન રસ્તા ઉપર ઉભી રહી હતી, ત્યારે તેમાં નાનો બાળક તે ચલાવતો હોવાનું સ્પષ્ટ થતાં તેને રોકીને એક જાગૃત નાગરિકે વીડિયો બનાવાયો હતો અને જ્યારે બાળકને કહ્યું કે ડ્રાઈવર ક્યાં? ત્યારે તે ભંગારવાનનો સુતળી અને વાયરથી બાંધેલો હતો તે છોડીને બાળક નીચે ઉતર્યું ત્યારે દરવાજો અલગ પડી જાય તે રીતે ખુલ્યો હતો. ટીપરવાનની હાલત ખખડધજ હતી અને ચાલક તેની પાછળ હતો તેણે દાવો કર્યો હતો કે, તેની પાસે લાયસન્સ છે. બાળકને કેમ વાન ચલાવવા આપી? તેવા સવાલનો તે જવાબ આપી શક્યો ન હતો. આ મામલે મ્યુ. કમિશનર દેવાંગ દેસાઈએ જણાવ્યું હતું કે, આ ખૂબ ગંભીર બાબત છે. ટીપરવાનની સેવા કોન્ટ્રાક્ટ પદ્ધતિથી ચાલતી હોય છે, ત્યારે આ મામલે તપાસ કરી કોન્ટ્રાક્ટર સામે કડક પગલાં લેવામાં આવશે અને કોઈ પણ ટીપરવાન લાયસન્સ વિનાના વ્યક્તિને ચલાવવા ન આપવામાં આવે તેવી કડક સૂચના પણ આપવામાં આવશે. એટલું જ નહીં આ માટે જે કોઈ જવાબદાર ઠરશે તેની સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. તેમજ ચાલકને છૂટો કરી દેવા સુધીના પગલાં લેવાશે.

રાજકોટમાં જીએસટી વિભાગના દરોડા, બે દિવસની તપાસમાં લાખોની કરચોરી ઝડપાઇ

● રાજકોટ, તા.૧૫

રાજકોટમાં એસ્ટેટ બ્રોકર, નાસ્તાગૃહનાં સંચાલક તેમજ હાર્ડવેરનાં ધંધાર્થીઓને ત્યાં જીએસટીની ટીમ દ્વારા અચાનક ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. બે દિવસથી ચાલી રહેલી તપાસમાં લાખો રૂપિયાની કરચોરી બહાર આવવા પામી છે. તેમજ ટીમને મોટા પ્રમાણમાં દસ્તાવેજી સાહિત્ય મળી આવ્યું છે. જે તમામ સાહિત્ય કબ્જે લેવામાં આવ્યું છે. ત્યારે તપાસ પૂર્ણ થયા બાદ મોટી કરચોરી બહાર આવવાની શક્યતા હોવાનું તપાસ અધિકારીએ જણાવ્યું હતું.

તપાસ અધિકારીનાં જણાવ્યા અનુસાર રાજકોટમાં એસ્ટેટ બ્રોકર, ધંધાર્થી, નાસ્તગૃહનાં સંચાલકો દ્વારા જે ટેક્સ ભરવાનો થાય તે ટેક્સ તેઓ દ્વારા ભરવામાં આવ્યો નથી. જે બાબત ધ્યાને આવતા જીએસટી વિભાગ દ્વારા આકસ્મિક ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ત્યારે એસ્ટેટ બ્રોકર, નાસ્તા ગૃહ ઉદ્યોગમાંથી લાખોની કરચોરી ઝડપાઈ છે.શ્રી હરિ નાસ્તા ગૃહ, મોદી એસ્ટેટ, બાલાજી હાર્ડવેરમાં પણ દરોડા પાડવામાં આવ્યા હતા. ૨ દિવસથી ચાલી રહેલી તપાસનાં જીએસટી અધિકારી દ્વારા દસ્તાવેજો સહિતનું સાહિત્ય જપ્ત કરવામાં આવ્યું છે.

સુરતમાં મહિલાએ રિક્ષામાં જ બાળકને જન્મ આપ્યો

● સુરત, તા.૧૫

સુરતમાં એક મહિલાએ રિક્ષામાં જ બાળકને જન્મ આપ્યો. મહિલા પોતાના રૂટિન ચેક અપ માટે હોસ્પિટલ જઈ રહી હતી. ત્યારે રીક્ષામાં જ મહિલાને પ્રસૂતિની પીડા ઉપડી. હોસ્પિટલ પંહોચે તે પહેલા જ બાળકનો રિક્ષામાં જન્મ થયો.પ્રાપ્ત વિગત મુજબ સુરત શહેરની એક મહિલા સિવિલ હોસ્પિટલમાં પ્રસૂતિના રૂટિન ચેક અપ માટે જતી હતી. શહેરમાં હજીરાના કવાસ પાટિયા વિસ્તારમાં રહેતી રમીના દેવી પોતાના પતિ સાથે સિવિલ હોસ્પિટલમાં ચેક અપ કરાવા રીક્ષામાં નીકળી હતી. દરમ્યાન રીક્ષામાં જ રમીના દેવી નામની મહિલાની પ્રસૂતિનો દુઃખાવો ઉપડ્યો. હોસ્પિટલ દૂર હતી અને પ્રસૂતિ કરાવવી જરૂરી હતી. દુખાવો વધી જતા રિક્ષા ચાલકે અધવચ્ચે રસ્તામાં જ રિક્ષા ઉભી રાખી અને મહિલાએ રિક્ષામાં જ બાળકને જન્મ આપ્યો. આ સમયમાં મહિલાની સાથે તેનો પતિ ગોરખસિંહ સાથે હતો એટલે સ્થિતિ પર કાબુ મેળવ્યો. જો કે રિક્ષામાં બાળકનો જન્મ થયા બાદ તેઓ તુરંત જ હોસ્પિટલ પંહોચ્યા.સિવિલ હોસ્પિટલ સ્ટાફને ઘટનાની જાણ થતા જ તેમણે રમીના દેવીને તાત્કાલિક ટ્રોમ સેન્ટરમાં દાખલ કર્યો.

શિલ્ચર ટેકનોલોજીસ લિમિટેડ

રજી. કચેરી : બીલ રોડ, બીલ-૩૯૧૪૧૦, જિ.વડોદરા, ગુજરાત
વર્કસ : મુવાલ સબ-સ્ટેશન પાસે, પાદરા જંબુસર હાઇવે, ગવાસાડ, વડોદરા-૩૯૧૪૩૦ ઇમેઇલ : info@shilchar.com, વેબસાઇટ : www.shilchar.com
ફોન નં. : (0265) 268 0466, ફેક્સ નં. : (0265) 268 0611
સીઆઇએન : L29308GJ1986PLC008387

વિડીયો કોન્ફરન્સ દ્વારા યોજનારી ૩૮મી વાર્ષિક સામાન્ય સભાનું (એ.જી.એમ.) અન્યવે નોટીસ, બુક ક્લોઝર અને ઈ-વોટીંગની માહિતી.

આ નોટીસ અન્યવે સુચિત કરવામાં આવે છે કે શિલ્ચાર ટેકનોલોજીસ લીમીટેડ (કંપની)ના સભ્યોની ૩૮મી વાર્ષિક સામાન્ય સભા સોમવાર ૧૨ ઑગસ્ટ, ૨૦૨૪ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે યોજવામાં આવેલ છે. મીનીસ્ટ્રી ઑફ કોર્પોરેટ એફર્સ દ્વારા પરિપત્ર નં.૧૪/૨૦૨૦ તારીખ ૮મી એપ્રિલ, ૨૦૨૦, પરિપત્ર નં.૧૭/૨૦૨૦ તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૨૦ અને પરિપત્ર નં. ૨૦/૨૦૨૦ તારીખ ૫ મે, ૨૦૨૦, પરિપત્ર નં.૦૨/૨૦૨૦ તારીખ ૫મી મે, ૨૦૨૨ પરિપત્ર નં.૧૦ તારીખ ૨૮મી ડિસેમ્બર, ૨૦૨૨, પરિપત્ર નં.૯/૨૦૨૩ તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૨૩ (સામૂહિક રીતે "એમસીએ પરિપત્ર તરીકે ઓળખવામાં આવે છે) અને એસઇબીઆઇ (સેબી) પરિપત્ર નં.SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 તારીખ ૧૨ મે, ૨૦૨૦ અને SEBI/HO/CFD/CMD2/CIR/P/2021/11 તારીખ ૧૫ જાન્યુઆરી, ૨૦૨૧, SEBI/HO/CFD/CMR2/CIR/P/2022/62 તારીખ ૧૩ મે, ૨૦૨૨, અને SEBI/HO/CFD/PoD-2/P/CIR/2023/4 તારીખ ૫ જાન્યુઆરી, ૨૦૨૩ (સામૂહિક રીતે "સેબી પરિપત્ર" તરીકે ઓળખાય છે) અનુસાર વાર્ષિક સામાન્ય સભાની નોટીસમાં દર્શાવ્યા મુજબ એજેન્ડા ના ઠરાવ માટે સેન્ટ્રલ ડીપોઝીટરી સીક્યુરીટીસ લીમીટેડ (સી.ડી.એસ.એલ.) દ્વારા આપવામાં આવેલ વીડીયો કોન્ફરન્સ (વી.સી.) અથવા અઘર ઑડિયો વિડિયો મીન્સ (ઓ.એ.વી.એમ.) ના માધ્યમ દ્વારા એ.જી.એમ. યોજવામાં આવેલ છે. એ.જી.એમ. માં જોડવવા માટેના સૂચનો એ.જી.એમ.ની નોટીસમાં જણાવેલ છે.

ઉપર જણાવેલ એમસીએ પરિપત્ર અને એસ.ઈ.બી.આઈ. (સેબી) દ્વારા આપવામાં પરિપત્ર અન્યવે સભ્યોનું ધ્યાન દોરવામાં આવે છે કે એ.જી.એમ. નોટીસ અને ૨૦૨૨-૨૩ વર્ષનો વાર્ષિક અહેવાલ આજરોજ ફક્ત એવાજ સભ્યોને ઇલેક્ટ્રોનીકલી મોકલાવી આપવામાં આવી રહ્યો છે કે જેઓના ઈ-મેલ આઈડી કંપનીના રજીસ્ટ્રાર ડીપોઝીટરી પાર્ટીસીપન્ટમાં (ડી.પી.) નોંધાયેલ છે. એવા સભ્યો કે જેઓએ તેઓના ઈ-મેલ આઈડી નોંધાવેલ નથી તેઓને ડીપોઝીટરી પાર્ટીસીપન્ટ અથવા રજીસ્ટ્રાર એન્ડ ટ્રાન્સફર એજન્ટ - એમ.સી.એસ. શેર ટ્રાન્સફર એજન્ટ લીમીટેડ પર www.mcsregistrars.com. પર નોંધણી કરાવવા વિનંતી છે. એ.જી.એમ.ની સૂચના કંપનીની વેબસાઈટ www.shilchar.com, સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com અને સી.ડી.એસ.એલ. ની વેબસાઈટ www.evotingindia.com પર પણ ઉપલબ્ધ છે.

કંપની ધારા, ૨૦૧૩ કલમ ૯૧ મુજબ, એ.જી.એમ. ત્યાંના નિયમો અને સેબી (લીસ્ટીંગ ઓબ્લીગેશન્સ, અને ડિસ્કલોઝર રીકવાયરમેંટ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના નિયમન ૪૨ સાથે વાંચો, સભ્યોના રજીસ્ટર અને શેર ટ્રાન્સફર બુકસ ૦૩ ઑગસ્ટ, ૨૦૨૪ થી ૧૨ ઑગસ્ટ, ૨૦૨૪ (બન્ને દિવસ ગણીને) સુધી બંધ રાખવામાં આવશે. ડીવિડન્ડ મેળવવાની રેકોર્ડ ડેટ, જો એ.જી.એમમાં જાહેર કરવામાં આવે તો તે શુક્રવાર ૦૨ ઑગસ્ટ, ૨૦૨૪ના વેપાર બંધ કરવાના સમય મુબજની રહેશે. ડીવીડન્ડની રકમ સભ્યોના નોંધાવેલા બેંક એકાઉન્ટમાં સીધા જમા થઈજશે. સભ્યોએ તેઓના બેંકની માહિતી ડી.પી./આર.ટી.એ. સાથે તપાસ અને નોંધણી/સુધારો કરવા વિનંતી છે.

એ.જી.એમ. નોટીસમાં જણાવ્યાનુસાર વેપારની વસ્તુઓ અન્યવે પોતાના મત આપવા માટે સી.ડી.એસ.એલ. દ્વારા આપવામા આવેલા ઇલેક્ટ્રોનીક વૉટિંગ દ્વારા રીમોટ ઈ-વૉટિંગની સુવિધા કંપની દ્વારા તેમના સભ્યોને આપવામાં આવશે. એવા તમામ સભ્યો કે જેઓ શેર ધરાવે છે અને સભ્યોના રજીસ્ટર માં અથવા ડીપોઝીટરી દ્વારા જણાવામાં આવેલ બેનીફીશીયરી ઓનર ના રજીસ્ટરમાં કટ ઑફ તારીખ શુક્રવાર, ૦૨ ઑગસ્ટ, ૨૦૨૪ પહેલા નોંધાયેલા હોય તેઓજ ઈ-વૉટિંગના હક્કદાર છે. રીમોટ ઈ-વૉટિંગ શુક્રવાર, ૦૯ ઑગસ્ટ, ૨૦૨૪ ના રોજ સવાર ના ૧૦:૦૦ કલાકે શરૂ થશે અને રવિવાર, ૧૧ ઑગસ્ટ, ૨૦૨૪ ના સાંજના ૦૫:૦૦ કલાકે બંધ થશે. ત્યારવાદ ઈ-વૉટિંગ બંધ કરી દેવામાં આવશે. કોઈપણ વ્યક્તિ કે જે કંપનીના શેર સભ્ય એ.જી.એમ.ની નોટીસ બાદ બને છે અને કટ ઑફ ના દિવસે શેર ધરાવતા હોય તેઓને helpdesk.evoting@cdslindia.com ઉપર યુઝર આઈડી અને પાસવર્ડ મેળવવા વિનંતી છે. અથવા જો સી.ડી.એસ.એલ.માં ઈ-વૉટિંગ માટે નોંધાવેલ હોય તો તેમના હાલના યુઝર આઈડી અને પાસવર્ડ મત આપવા માટે ઉપયોગમાં લઈ શકશે. ઈ-વૉટિંગની સવલત એ.જી.એમ. દરમિયાન એજ સભ્યોને મળશે કે જેઓ વી.સી. / ઓ.વી.સી.એમ. થકી ભાગ લીધો હશે અને તેઓએ અગાઉ મત આપ્યો નહિ હોય. ઈ-વૉટિંગ સંબંધિત કોઈપણ પ્રશ્નોના કિસ્સામાં, સભ્યો helpdesk.evoting@cdslindia.com પર સંપર્ક કરી શકે છે. આ ઉપરાંત ઈ-વૉટિંગને લગતો કોઈ પ્રશ્ન હોય તો ફીકવન્ટલી આસ્કડ કવેચ્ચન્સ (એફ.એ.ક્યુ) અને ઈ-વૉટિંગ મેન્યુઅલ www.evotingindia.com, હેલ્પ સેક્શનમાં મળશે અથવા તો ઈ-મેલ helpdesk.evoting@cdslindia.com અથવા તો ફોન ૧૮૦૦૨૨૫૫૩૩ પર સંપર્ક કરી શકે છે.

નિયામક મંડળના આદેશથી
શિલ્ચર ટેકનોલોજીસ લિમિટેડ વતી
મૌલી મહેતા
કંપની સેક્રેટરી

સ્થળ : વડોદરા
તા. : ૧૫.૦૭.૨૦૨૪

હિંમતનગર સિવિલમાં ૫ બાળકોના મૃત્યુ

સાબરકાંઠામાં ચાંદીપુરમ વાયરસનો ભારે હાહાકાર

● સાબરકાંઠા, તા.૧૫

સાબરકાંઠા જિલ્લામાં ચાંદીપુરમ વાયરસ હાહાકાર મચાવી રહ્યો છે. જિલ્લામાં આ વાયરસનો આજે આઠમો શંકાસ્પદ કેસ નોંધાયો છે. પોશીના તાલુકાના નાડા ગામના ત્રણ વર્ષિય બાળકમાં તાવ અને બેભાન અવસ્થામાં હોય તેવા લક્ષણો જોવા મળ્યાં છે. બાળકને તાત્કાલિક સારવાર માટે હિંમતનગર સિવિલમાં PICUમાં દાખલ કરી દેવાયો છે. પોશીના તાલુકાના નાડા ગામનું ૩ વર્ષીય બાળકને હિંમતનગર સિવિલ હોસ્પીટલમાં દાખલ PICUમાં દાખલ કરીને સારવાર કરવામાં આવી હતી. જે બાળકનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું

હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ૨૪ જૂનથી અત્યાર સુધીમાં શંકાસ્પદ ચાંદીપુરમ વાઈરસના ૮ કેસો નોંધાયા છે. જેમાં ૨ વર્ષથી લઈને ૧૧ વર્ષ સુધીના બાળકોના કેસો આવ્યા હતા.જેમાંથી પાંચ બાળકોના મૃત્યુ થયા છે.વડાલીનાં નવા ચામુંમાં શ્રમિક પરિવારની બાળકીમાં ચાંદીપુરમ વાયરસનાં લક્ષણો જોવા મળતા પરિવારજનો ચિંતાતુર બની જવા પામ્યા હતા. બાળકીને હિંમતનગર હોસ્પિટલમાં ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવી છે. આ વધુ એક કેસ પ્રકાશમાં આવતા આરોગ્ય તંત્ર દોડતું થઈ ગયું છે.ચાંદીપુરમ વાયરસનાં લક્ષણો બાબતે હિંમતનગર સિવિલના તબીબે જણાવ્યું હતું કે, આરોગ્ય વિભાગ દ્વારા બાળકોનાં પરિવારજનોનાં સેમ્પલ લઈ તેને પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે. આરોગ્ય વિભાગ દ્વારા વાયરસને પગલે ગુજરાતમાં યુદ્ધનાં ધોરણે સર્વે શરૂ કરવામાં આવ્યો છે. ચાંદીપુરમ વાયરસનાં કેસોમાં દર્દીઓને તાવ આવે, ઉલ્ટી થાય, શ્વાસ લેવામાં તકલીફ પડે તેમજ મગજનો તાવ જેવા લક્ષણો દેખાય છે. પ્રાથમિક તબક્કે આ રોગની ઓળખ કરવી મુશ્કેલ છે. ત્યારે ચાંદીપુરા વાયરસ મોટાભાગે ૧૦ વર્ષથી ઓછી વયનાં બાળકોમાં જોવા મળે છે. આ વાયરસ ખૂબ જ જીવલેણ છે. તેમજ આ વાયરસથી સંક્રમિત થયેલ વ્યક્તિને તાત્કાલીક સારવાલ મળવી જરૂરી છે.ચાંદીપુરા વાયરસ આરએનએ વાયરસ છે. આ વાયરસ માદા ફ્લેબોટોમાઈન ફ્લાયથી ફેલાય છે. મચ્છરોમાં એડીસ મચ્છર તેના માટે જવાબદાર છે. તેજ તેનો મૃત્યુદર પણ સૌથી વધુ છે.

છોટાઉદેપુર જિલ્લા પંચાયત અને ધીરજ હોસ્પીટલ પીપરિયા દ્વારા સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન

● છોટાઉદેપુર, તા.૧૫

આજ રોજ PHC સૈડીવાસણ ખાતે સર્વ રોગનિધાન કેમ્પ આરોગ્ય શાખા જિલ્લા પંચાયત છોટાઉદેપુર અને ધીરજ હોસ્પીટલ પીપરિયા દ્વારા સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન PHC સૈડીવાસણ ખાતે કરવામાં આવેલ હતું જેમાં આશરે જુદા જુદા વિભાગ થઈને કુલ ૨૭૭ ઉપરાંત લાભાર્થી આ સર્વે રોગ નિદાન કેમ્પનો લાભ લીધેલ છે જેમાં ધીરજ હ